આગની મોટી દુર્ઘટના વખતે પાણી ક્યાંથી લાવશો?

વડોદરા પાલિકાના બે મહત્વકાંક્ષી પ્રોજેક્ટ ત્રણ વર્ષથી અધ્ધરતાલ

લાખોના ખર્ચે રિપેર કરાયેલા પંપ ફરી શોભાના ગાંઠિયા બન્યા; કટોકટીના સમયે આગ ઓલવવાની કામગીરી ખોરવાવાની ભીતિ

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

શહેરમાં અવારનવાર બનતી આગની દુર્ઘટનાઓ સામે લડવા માટે કરોડો રૂપિયાની ફાયર સેફ્ટી વ્યવસ્થા મજબૂત કરવાના દાવા કરતું વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર ફરી એકવાર વિવાદના ઘેરામાં આવ્યું છે. આગના બનાવો દરમિયાન ફાયર બ્રિગેડને તાકીદે અને પૂરતા જથ્થામાં પાણી ઉપલબ્ધ થઈ શકે તે માટે વર્ષ ૨૦૨૩માં તૈયાર કરાયેલી બે મહત્વકાંક્ષી યોજનાઓ ત્રણ વર્ષનો લાંબો સમય વીતી જવા છતાં હજુ સુધી કાગળો પર જ સીમિત રહી ગઈ છે. પાલિકા દ્વારા મુખ્ય વોટર સપ્લાય લાઈનમાંથી જ સિટી હાઈડ્રન્ટ નેટવર્ક સિસ્ટમ વિકસાવવાનું અને શહેરના વિવિધ તળાવોના પાણીનો કટોકટીના સમયે ઉપયોગ કરી શકાય તે માટે નવી સ્માર્ટ વોટર ફિલિંગ સિસ્ટમ ઊભી કરવાનું સુંદર આયોજન કરાયું હતું. જોકે, તંત્રની શિથિલતા અને ઉદાસીનતાને કારણે આ બંને પ્રકલ્પો જમીની સ્તરે સાકાર થઈ શક્યા નથી, જેને પગલે શહેરીજનોની સુરક્ષા ભગવાન ભરોસે મુકાઈ ગઈ છે. આ આયોજન પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે જો શહેરમાં કોઈ મોટી આગ લાગે, તો ફાયર ટેન્કરોને પાણી ભરવા માટે લાંબે સુધી દોડવું ન પડે અને નજીકના તળાવ કે હાઈડ્રન્ટ લાઈનમાંથી જ ઝડપથી પાણીનો પુરવઠો મેળવીને આગ પર કાબૂ મેળવી શકાય. પરંતુ વાસ્તવિકતા એ છે કે ત્રણ વર્ષ પછી પણ આ દિશામાં કોઈ નક્કર કામગીરી થઈ નથી. આટલું ઓછું હોય તેમ, કોર્પોરેશનના ફાયર વિભાગ હસ્તકના મોટાભાગના પાણીના ટેન્કરોમાં લાગેલી સિસ્ટમ પણ સદંતર નિષ્ફળ નીવડી છે. ટેન્કરોમાં તળાવ અથવા અન્ય જળસ્ત્રોતમાંથી પાણી ખેંચવા માટે જે પંપ લગાવવામાં આવ્યા છે, તેમાંથી મોટાભાગના પંપ હાલમાં બંધ હાલતમાં હોવાનું સામે આવ્યું છે. કટોકટીના સમયે વૈકલ્પિક સ્ત્રોતમાંથી પાણી મેળવવાની આ વ્યવસ્થા ખોરવાઈ જતાં આગ બુઝાવવાની કામગીરી મોડી પડવાની પૂરેપૂરી આશંકા સેવાઈ રહી છે.

પ્રતાપનગર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે કાર્યક્રમ યોજાયો

નિવૃત પોલીસ કર્મચારી ગ્રુપના હસ્તે બે દિવ્યાંગ મહિલાઓને ટ્રાઈસિકલ વિતરણ

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરા શહેર જિલ્લા નિવૃત્ત પોલીસ કર્મચારી ગ્રુપ શિફા ચેરીટેબલ ટ્રસ્ટ અને દિવ્યાંગ સખી સહેલી ચેરીટેબલ ટ્રસ્ટ ના સૌજન્ય થી પ્રતાપનગર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે વડોદરા શહેર/જિલ્લા નિવૃત પોલીસ કર્મચારી ગ્રુપ ના હસ્તે બે દિવ્યાંગ મહિલાઓને ટ્રાઈસિકલ (સાઈકલ) અર્પણ કરવામાં આવી. સદર પ્રોગ્રામમાં નિવૃત્ત પોલીસ કર્મચારી ગ્રુપના બાળકો તેજસ્વી યુવાન યુવતીઓ કે જેઓ સરકારી નોકરી માં પણ એપોઈન્ટ થયેલ સાથે શિફા ટ્રસ્ટના જોની ભાઈનું સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ આમંત્રિત મહેમાનો તરીકે (૧) પો. ઇ. પી.જે પાઠક સર હેડ ક્વાટર વડોદરા (૨) દિવ્યાંગ ટ્રસ્ટ ના ચેરમેન અમનદીપ કોર (૩) શીફાં ટ્રસ્ટ પ્રમુખ મુરબ્બી મહંમદહુસેન શેખ ઉર્ફ જોનિભાઇ (૪) પોલીસ નિવૃત્ત ગ્રુપના પ્રમુખ કિશોર કેસારકર, ઉપપ્રમુખ રઇજીભાઈ માળી,મંત્રી શ્રી પરીખ, સહમંત્રી શ્રી પાંડેય વિગેરે તમામ કમિટી સભ્યો હાજર રહેલ હતા. નિવૃત્ત પોલીસ ગ્રુપ તરફથી દિવ્યાંગ સખી સહેલી ટ્રસ્ટ ને રૂપિયા ૧૦૦૦૧/૦૦(રૂપિયા દસ હજાર એક) નો ચેક આર્થિક મદદરૂપ આપવામાં આવેલ છે. પ્રમુખ કિશોર કેસારકર વડોદરા શહેર જિલ્લા જિલ્લા નિવૃત્ત પોલીસ કર્મચારી ગ્રુપ વડોદરાએ આભાર માન્યો છે.

મહિલા વેઈટિંગ રૂમ અને કવર ઓવર પ્લેટફોર્મથી મુસાફરોને વિશ્વસ્તરીય સુવિધા

અમૃત ભારત યોજના હેઠળ ગોધરા રેલવે સ્ટેશનનું ૭ કરોડના ખર્ચે ભવ્ય કાયાકલ્પ

આ પુનર્વિકાસથી ગોધરા સ્ટેશન હવે વધુ સુરક્ષિત, સ્વચ્છ અને આધુનિક પરિવહન કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

ભારતીય રેલની મહત્વાકાંક્ષી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ગોધરા રેલવે સ્ટેશનનું 7 કરોડ રૂપિયાના ખર્ચે વ્યાપક પુનર્વિકાસ કરવામાં આવ્યો છે. આ કાયાકલ્પથી સ્ટેશનને આધુનિક, સુગમ અને યાત્રી-કેન્દ્રિત સ્વરૂપ મળ્યું છે. વડોદરા મંડળના ડીઆરએમ રાજૂ ભડકેના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટ ભારતીય રેલની યાત્રી-કેન્દ્રિત આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ છે. નવી સુવિધાઓથી મુસાફરોને સુરક્ષિત અને આરામદાયક અનુભવ મળશે તેમજ ક્ષેત્રના સામાજિક-આર્થિક વિકાસને વેગ મળશે. નવી મુખ્ય સુવિધાઓમાં 1000 ચો.મી.નો આકર્ષક ફેસાડ, 120 ચો.મી.નો પોર્ચ અને 700 ચો.મી.નો વિશાળ કોન્કોર્સ હોલ બનાવાયો છે. મહિલાઓ માટે 60 ચો.મી.નો આધુનિક વેઈટિંગ રૂમ પણ તૈયાર કરાયો છે. વધતી જતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખી 650 ચો.મી.નું નવું સ્ટેશન બિલ્ડિંગ અને 1500 ચો.મી.નો સર્ક્યુલેટિંગ એરિયા વિકસાવાયો છે. પ્લેટફોર્મ 1, 2/3 અને 4/5નું નવીનીકરણ કરી 6000 ચો.મી.માં ઉચ્ચ ગુણવત્તાની સરફેસિંગ, પીવાના પાણીના નળ, સ્વચ્છ શૌચાલય, ટેક્ટાઈલ ટાઈલ્સ અને નવી પેસેન્જર માહિતી સિસ્ટમ લગાવાઈ છે. ત્રણેય મુખ્ય પ્લેટફોર્મ પર 3000 ચો.મી.માં COP બનાવાયું છે, જેથી મુસાફરોને તડકા-વરસાદથી રક્ષણ મળે. 4000 ચો.મી.ના હાલના સર્ક્યુલેટિંગ એરિયા સાથે 1500 ચો.મી.નો નવો પ્રવેશ વિસ્તાર, 2000 ચો.મી.ની સ્કૂટર પાર્કિંગ અને 2000 ચો.મી. નો એપ્રોચ રોડ બનાવાયો છે. દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો માટે લિફ્ટ, ફેસાડનું સૌંદર્યીકરણ, વેઈટિંગ રૂમનું આધુનિકીકરણ અને વધારાના શૌચાલય બનાવાયા છે. આ પુનર્વિકાસથી ગોધરા સ્ટેશન હવે વધુ સુરક્ષિત, સ્વચ્છ અને આધુનિક પરિવહન કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે.

ગ્લોબલ EI હેકથોનમાં AI આધારિત

એન્જિનિયરિંગ સોલ્યુશન્સને મળ્યો વૈશ્વિક પ્રતિસાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

એન્જિનિયરિંગ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (ER|D) ક્ષેત્રની અગ્રણી કંપની L|T ટેક્નોલોજી સર્વિસીસ (LTTS) દ્વારા આયોજિત Engineering Intelligence (EI) OpenHack 2026ને વિશ્વભરના એન્જિનિયરો અને ટેક્નોલોજી નિષ્ણાતો તરફથી ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો છે. આ હેકથોનમાં વડોદરા, બેંગલુરુ, મૈસુર, ચેન્નાઈ, હૈદરાબાદ, પુણે, મુંબઈ, ડલાસ અને મ્યુનિક સહિતના શહેરોમાંથી આશરે 4,000 એન્જિનિયરો અને 770થી વધુ ટીમોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં 500થી વધુ AI આધારિત પ્રોજેક્ટ્સ રજૂ કરવામાં આવ્યા, પ્રોજેક્ટ્સનું મૂલ્યાંકન ટેક્નિકલ ગુણવત્તા, નવીનતા, સ્કેલેબિલિટી અને વાસ્તવિક ઉપયોગિતાના આધારે કરવામાં આવ્યું હતું. LTTSના ચીફ ઓપરેટિંગ ઓફિસર મુથુરામન કુમારે જણાવ્યું કે EI OpenHack 2026 એ એન્જિનિયરિંગ કુશળતા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને જોડીને ઉદ્યોગોની વાસ્તવિક સમસ્યાઓના અસરકારક ઉકેલો વિકસાવવાનું મજબૂત મંચ પૂરું પાડ્યું છે.

ચંદન હેલ્થકેરની કાર્યકારી આવકમાં 35.64%નો ઉછાળો

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

લખનઉ સ્થિત ચંદન હેલ્થકેર લિમિટેડે નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ત્રિમાસિકમાં મજબૂત ઓપરેશનલ પ્રદર્શન નોંધાવ્યું છે. કંપનીની અનઓડિટેડ કાર્યકારી આવક વાર્ષિક ધોરણે 35.64 ટકા વધીને 48.67 કરોડ થઈ છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં 35.88 કરોડ હતી. કંપનીની પેટાકંપની ચંદન ફાર્મસી લિમિટેડની આવક પણ 13.69 ટકા વધીને 32.33 કરોડ પહોંચી છે. કંપનીના જણાવ્યા મુજબ B2B, B2C અને ગવર્મેન્ટ બિઝનેસમાં સારી વૃદ્ધિ, દર્દીઓની વધતી સંખ્યા અને ડાયગ્નોસ્ટિક નેટવર્કના વિસ્તરણને કારણે આ વધારો નોંધાયો છે. B2B સેગમેન્ટમાં 44 ટકા, ગવર્મેન્ટમાં 22 ટકા અને B2Cમાં 20 ટકાની વૃદ્ધિ થઈ છે, જ્યારે જનરલ, કોર્પોરેટ અને ગવર્મેન્ટ કેટેગરીમાં દર્દીઓની સંખ્યામાં પણ અનુક્રમે 29, 24 અને 14 ટકાનો વધારો નોંધાયો છે.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે આયોજન

મા.અને ઉ.મા.શાળાના આચાર્યો સાથે શૈક્ષણિક પરિસંવાદ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

પંચમહાલ જિલ્લાની તમામ શાળાઓના આચાર્ય ગોવિંદ ગુરુ યુનિવર્સિટીનો પરિચય મેળવે, તેને પ્રત્યક્ષ નિહાળે અને યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોની સંપૂર્ણ માહિતી મેળવે અને આ માહિતી છેવાડાના વિદ્યાર્થીઓ સુધી પહોંચે તેવા શુભ આશયથી શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે પંચમહાલ જિલ્લાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યનો પરીસંવાદ યુનિ.ના કુલપતિ ડો. હરિભાઈ કાતરીયા ,પદ્મશ્રી પ્રવીણભાઈ દરજી ,જિલ્લા શિક્ષણ અધિકારી કિરીટભાઈ પટેલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં યુનિવર્સિટી ખાતે શાનદાર રીતે યોજાઈ ગયો. આ પ્રસંગે કુલપતિએ પંચમહાલ જિલ્લામાં આવેલી અને સુવિધા સભર શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના વિવિધ 25 અનુસ્નાતક વિભાગો અને યુનિવર્સિટી ખાતે શરૂ કરેલ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો વિશે વિગતે માહિતી આપી હતી. સાથે સાથે તમામ આચાર્યઓને યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોની માહિતી અપાઈ હતી. ડો. પ્રવીણભાઈ દરજીએ શિક્ષણ અને શિક્ષક વિશે, ડો.પલકબેન કંસારા અને નિખિલભાઈએ માનસિક સ્વાસ્થ્ય અંગે અને કિરીટભાઈ પટેલ દ્વારા શૈક્ષણિક ગુણવત્તા અંગેની માહિતી અપાઈ હતી.

અટલાદરા BAPS સ્વામિનારાયણ મંદિરનો ૮૧મો પાટોત્સવ ઉજવાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

વડોદરાના ઐતિહાસિક BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર, અટલાદરાનો ૮૧મો પાટોત્સવ શુક્રવાર, તા. 17 જુલાઈના રોજ શાસ્ત્રોક્ત અને વૈદિક વિધિ સાથે ભવ્ય રીતે ઉજવાશે. આ પવિત્ર પ્રસંગે BAPS સંસ્થાના સદગુરુ સંત પૂજ્ય ઘનશ્યામચરણ સ્વામી વિશેષ ઉપસ્થિતિ રહેશે. ભગવાન સ્વામિનારાયણની પાવન પદરજથી પવિત્ર બનેલી અટલાદરાની ધરા પર બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રતિષ્ઠિત આ મંદિરને ૮૧ વર્ષ પૂર્ણ થવાના અવસરે વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. હરિભક્તો અને ભાવિકો માટે આ પાટોત્સવ આધ્યાત્મિક આનંદ અને ભક્તિનો અવસર બનશે. સવારે 7:30 થી 8:30: પ્રભુ પ્રતિમાઓનો પવિત્ર અભિષેક સવારે 8:30 થી 11:30: પાટોત્સવ મહાપૂજા અને સત્સંગ સભામાં દર્શન તથા આશીર્વાદનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

સુભાનપુરા વડીલ પરિવાર સિનિયર સિટીઝન ગ્રુપમાં હાઉસી અને પ્રશ્નોત્તરી કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

સુભાનપુરા સ્થિત વડીલ પરિવાર સિનિયર સિટીઝન ગ્રુપ દ્વારા સભ્યો માટે હાઉસી અને પ્રશ્નોત્તરી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગ્રુપના માનદ તંત્રી અને સંપાદક ઘનશ્યામભાઈ રાવે જણાવ્યું હતું કે કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન શ્રીમતી ઉષાબેન પટેલ અને શ્રીમતી હર્ષાબેન ભટ્ટે સભ્યોને હાઉસી તેમજ પ્રશ્નોત્તરીની રસપ્રદ રમતો રમાડીને સૌનું મનોરંજન કર્યું હતું. વિવિધ રમતોમાં વિજેતા બનેલા સભ્યોને ઉમેશભાઈ ભટ્ટ અને શ્રીમતી હર્ષાબેન ભટ્ટના હસ્તે ઈનામો અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ આનંદમય વાતાવરણમાં સંપન્ન થયો હતો. અંતે સભ્યોએ આયોજકોનો આભાર વ્યક્ત કર્યો અને સૌ હર્ષોલ્લાસ સાથે વિદાય થયા.

માંજલપુર વિસ્તારમાં આવેલી કમલાપાર્ક સોસાયટીનો બનાવ

મિત્ર સાથેના ઝઘડો થયા બાદ ૩૮ વર્ષીય યુવતીનો આપઘાતનો પ્રયાસ

મિત્ર સાથેના વિવાદ બાદ યુવતીએ ભર્યું આત્યંતિક પગલું, સયાજી હોસ્પિટલમાં સારવાર ચાલુ

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

માંજલપુર વિસ્તારમાં આવેલી કમલાપાર્ક સોસાયટીમાં રહેતી ૩૮ વર્ષીય યુવતીએ ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, યુવતીને માનસિક બીમારી હોવાનું જાણવા મળ્યું છે. ગત રોજ યુવતીનો તેના પુરુષ મિત્ર ઉમંગ સાથે કોઈ કારણસર ઝઘડો થયો હતો, જે બાદ લાગી આવતા તેણીએ આ આત્યંતિક પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

ઘટનાની જાણ થતા યુવતીના માતા મીનાક્ષીબેન તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ યુવતી હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે અને તેની હાલત અર્ધ બેભાન હોવાનું તબીબો જણાવી રહ્યા છે.

સુરભીપાર્ક સોસાયટી નજીક આવેલી કમલાપાર્ક સોસાયટીમાં બનેલી આ ઘટનાથી સ્થાનિક રહીશોમાં આઘાત ફેલાયો છે. યુવતીની માનસિક સ્થિતિ અને મિત્ર સાથેના વિવાદ અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે. હાલ તો સમગ્ર વિસ્તારમાં આ ઘટના ચર્ચાનો વિષય બની છે.

પોલીસ દ્વારા યુવતીના પરિવારજનો તેમજ નજીકના લોકોના નિવેદનો લેવામાં આવી રહ્યા છે. ઘટનાના સાચા કારણ સુધી પહોંચવા માટે પોલીસ વિવિધ પાસાંઓની તપાસ કરી રહી છે. આસપાસના વિસ્તારમાં રહેતા લોકો પાસેથી પણ માહિતી મેળવવામાં આવી રહી છે. ઘટનાને પગલે સોસાયટીમાં શોક અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ સમગ્ર ઘટનાનું ચોક્કસ કારણ બહાર આવશે. હાલ સમગ્ર મામલે વધુ તપાસ ચાલુ છે.

MSU Vision 2020 દ્વારા ઇનોવેશન અને શૈક્ષણિક ઉત્કૃષ્ટતાને બિરદાવાઈ

MSU ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગમાં પિચફેસ્ટ યોજાયો

AI આધારિત પ્લેટફોર્મથી પર્યાવરણ અને કૃષિ ક્ષેત્રના પ્રોજેક્ટ્સે મેળવી સફળતા

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

એમ.એસ.યુનિવર્સિટી ઓફ બરોડાની ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગ દ્વારા 15 જુલાઈએ એમ. વિશ્વેશ્વરૈયા ઓડિટોરિયમ ખાતે શૈક્ષણિક અને ઉદ્યોગસાહસિક ઉત્કૃષ્ટતાનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું આયોજન અમેરિકા સ્થિત એલ્યુમનાઈ એસોસિયેશન MSU Vision 2020 દ્વારા કરવામાં આવ્યું હતું, જે એલ્યુમનાઈના યોગદાનથી વિદ્યાર્થી પહેલોને ભંડોળ પૂરું પાડે છે.

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ પિચફેસ્ટ રહ્યું, જે શાર્ક ટેન્કની તર્જ પર કોલેજ સ્તરની સ્ટાર્ટઅપ પિચ સ્પર્ધા હતી. તેમાં FabricLensને પ્રથમ ઇનામ મળ્યું. FabricLens એ મેન્યુફેક્ચરિંગ દરમિયાન કાપડમાં ખામીને રિયલ-ટાઈમમાં શોધી કાઢતી AI આધારિત પ્લેટફોર્મ છે. તેને 3 લાખનું ઈનામ આપવામાં આવ્યુ હતું. બીજું સ્થાન Releafને મળ્યું, જે કૃષિ કચરા અને બાયોપ્લાસ્ટિકમાંથી 100% કમ્પોસ્ટેબલ કેરી બેગ અને ફૂડ કન્ટેનર બનાવે છે. તેને 1.5 લાખનું ઈનામ મળ્યું. ત્રીજા ક્રમે Climagrowth રહ્યું, જે હવામાન અને સેટેલાઈટ ડેટાના આધારે ખેડૂતોને વ્યક્તિગત ખેતીની સલાહ આપતું કૃષિ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ છે. તેને 50,000નું ઈનામ આપવામાં આવ્યું. આ સાથે જ ટોપર્સ એવોર્ડમાં ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગના તમામ વિભાગો અને વર્ષોમાં પ્રથમ ક્રમ મેળવનાર 37 વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા. દરેક વિદ્યાર્થીને 10,000નું ઈનામ આપવામાં આવ્યું.

અમેરિકાની ૧૫ વર્ષની અનન્યાએ ઓનલાઇન તાલીમથી ભરતનાટ્યમમાં સર્જ્યો ઇતિહાસ

પ્રથમ સોલો ભરતનાટ્યમ પ્રદર્શન 'અરેંગેત્રમ' સફળતાપૂર્વક પૂર્ણ કર્યું

વડોદરામાં પ્રથમ અરેંગેત્રમ રજૂ કરી ભારતીય સંસ્કૃતિ પ્રત્યેનો લગાવ વ્યક્ત કર્યો?

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

અમેરિકામાં રહેતી 15 વર્ષની અનન્યા વાસવડાએ વર્ષો સુધી ઓનલાઈન તાલીમ મેળવી વડોદરામાં પોતાનું પ્રથમ સોલો ભરતનાટ્યમ પ્રદર્શન 'અરેંગેત્રમ' સફળતાપૂર્વક પૂર્ણ કરીને ટેકનોલોજી અને ભારતીય શાસ્ત્રીય કળાના અનોખા સમન્વયનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. અનન્યાએ વડોદરાની પૂર્વા સ્કૂલ ઓફ ભરતનાટ્યમના ડિરેક્ટર અને જાણીતા નૃત્યગુરુ ડૉ. શરદ પંડ્યાના માર્ગદર્શન હેઠળ પાંચ વર્ષ સુધી સંપૂર્ણ વર્ચ્યુઅલ તાલીમ મેળવી હતી. લગભગ 8,000 માઈલના અંતર, સમયના તફાવત અને ઓનલાઈન શિક્ષણના પડકારો વચ્ચે ડૉ. પંડ્યાએ ઝીણવટભરી તાલીમ આપીને અનન્યાને અરેંગેત્રમ માટે તૈયાર કરી હતી. ડૉ. પંડ્યાના જણાવ્યા મુજબ ઓનલાઈન ભરતનાટ્યમ શીખવવું અત્યંત પડકારજનક છે, કારણ કે હાવભાવ, લય અને અભિવ્યક્તિ જેવી સૂક્ષ્મ બાબતો સ્ક્રીન મારફતે સમજાવવી પડે છે. તેમણે કહ્યું કે અનન્યાનું આત્મવિશ્વાસભર્યું પ્રદર્શન તમામ પડકારોને સફળતામાં ફેરવી દીધા છે. અનન્યાએ પોતાની સિદ્ધિ માટે માતા-પિતા, પરિવાર અને ગુરુનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે અભ્યાસની સાથે ભરતનાટ્યમ તેના જીવનનો અભિન્ન ભાગ બની ગયો છે. આ સિદ્ધિ સાબિત કરે છે કે સમર્પિત ગુરુ, દ્રઢ નિશ્ચય અને ટેકનોલોજીના સહારે ભારતીય શાસ્ત્રીય કળાઓને વિશ્વભરમાં જીવંત રાખી શકાય છે.

તેણીએ પોતાની મહેનત, સતત અભ્યાસ અને કળા પ્રત્યેના સમર્પણથી દર્શકોના દિલ જીતી લીધા હતા. આ સફળતા યુવા પેઢી માટે પ્રેરણારૂપ બની છે. અનન્યાના આ અભિનયમાં પરંપરા, શિસ્ત અને આધુનિક ટેકનોલોજીનો સુંદર સંગમ જોવા મળ્યો હતો, જેનાથી ભારતીય નૃત્યકળાની વૈશ્વિક પહોંચ વધુ મજબૂત બની છે.

મામલતદાર કચેરીમાં 'દેશના રક્ષક'નું અપમાન, નિવૃત્ત હવાલદારના કામ માટે વહીવટી તંત્રની 'લાલિયાવાડી'

એક જ પરિવાર, એક જ દસ્તાવેજ, પણ અલગ-અલગ નિયમ, સૈનિકની અરજી કેમ રઝળી રહી છે?

દેશની રક્ષા કરનારને કચેરીમાં મળ્યું 'તિરસ્કારપૂર્ણ' વર્તન, જનસેવા કેન્દ્ર કે હેરાનગતિ કેન્દ્ર ? નિયત સમયમર્યાદા વીત્યા છતાં ફાઈલો ધૂળ ખાય છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

એક તરફ દેશ 'આઝાદી કા અમૃત મહોત્સવ' ઉજવી રહ્યો છે અને દેશના રક્ષકોને સલામી આપી રહ્યો છે, ત્યારે બીજી તરફ વડોદરા શહેર (ઉત્તર) ની મામલતદાર કચેરીમાં એક એવો કિસ્સો સામે આવ્યો છે જે સાબિત કરે છે કે સરકારી કચેરીઓમાં સંવેદનાઓ મરી પરવારી છે. આર્મી એર ડિફેન્સમાંથી નિવૃત્ત થયેલા હવાલદાર બી. એન. સિંહ આજે પોતાની જ માતૃભૂમિમાં સન્માનની લડાઈ લડી રહ્યા છે. એક જ છત નીચે રહેતા પરિવાર માટે અલગ-અલગ કાયદો ? નિવૃત્ત સૈનિક બી. એન. સિંહે જ્યારે પોતાની પુત્રી માટે ડોમિસાઈલ સર્ટિફિકેટ માટે અરજી કરી, ત્યારે મામલતદાર કચેરીએ તમામ દસ્તાવેજો ચકાસીને સર્ટિફિકેટ (નંબર :- ૯૮૨૧/૨૦૨૬) ઈશ્યુ કર્યું. હવે પ્રશ્ન એ થાય છે કે, જે દસ્તાવેજોના આધારે પુત્રીને સર્ટિફિકેટ મળ્યું, તે જ દસ્તાવેજો બાકીના ત્રણ સભ્યો માટે કેમ 'અમાન્ય' બની ગયા ? બાકીના ત્રણ સભ્યોની અરજીઓ ફાઈલોના ગુંચવાડામાં ખોવાઈ ગઈ છે કે તેમને જાણી જોઈને દબાવવામાં આવી રહી છે, તે મોટો પ્રશ્ન છે. 'તમે જાઓ, અહીં કામ નથી થતું' - અધિકારીઓનું મનસ્વી વલણ. જ્યારે આ પૂર્વ સૈનિકે કચેરીમાં જઈને અરજીઓની સ્થિતિ પૂછી, ત્યારે તેમને મળ્યો માત્ર અસભ્ય વર્તાવ અને ઉદ્ધત જવાબ. જે કામ ૧ દિવસમાં થવું જોઈએ, તે મહિનાઓ સુધી લટકાવીને મામલતદાર અને તેમનો સ્ટાફ કદાચ સામાન્ય નાગરિકોને પોતાની સત્તાનું પ્રદર્શન બતાવી રહ્યો છે. એક નિવૃત્ત સૈનિક, જેમણે દેશની સરહદો પર દુશ્મનોનો સામનો કર્યો, તેમને આજે પોતાના જ શહેરની મામલતદાર કચેરીમાં વહીવટી પજવણીનો સામનો કરવો પડી રહ્યો છે. જે ખુબ ક્ષોભજનક સ્થિતિ ઉભી કરે છે તેમ છે તો સત્વરે આ અંગે લાગતા વળગતા તંત્રે કામે લાગવુ હિતાવહ છે.

શ્રીકૃષ્ણ ધૂન, લોકનૃત્ય અને ઢોલ-નગારાના તાલે ગુંજશે

ગાયકવાડ સ્કૂલમાં આવતીકાલે રૂડમી જગન્નાથ રથયાત્રા

૨ હજાર વિદ્યાર્થીઓ અને ૧૦૦ શિક્ષકો પરંપરાગત રીતે રથ ખેંચશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

શ્રી જગન્નાથજી રથયાત્રા બાબતે આ સાથે જણાવવાનું કે પ્રિન્સ અશોકરાજે ગાયકવાડ સ્કુલ તથા દેવ્યાનીરાજે ગાયકવાડ સ્કૂલના પટાંગણમાં શ્રી જગન્નાથજી ભગવાનનું "શ્રી મંદિર" પ્રસ્થાપિત છે. પૂજાના રોજિંદા વ્યવહારો તથા મંદિરની પરંપરાઓ અને પ્રથાઓનું પાલન આપણાં કેમ્પસમાં પ્રસ્થાપિત શ્રી જગન્નાથજી ભગવાનના "શ્રી મંદિર"માં કરવામાં આવે છે.

જેમાં તારીખ ૧૬-૭-૨૦૨૬, ગુરુવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે શ્રી જગન્નાથજી ભગવાનની રૂડમી રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શ્રી જગન્નાથજી ભગવાનના રથને શાળાના ૨,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૧૦૦ જેટલા શિક્ષકો દ્વારા મંદિરમાંથી શાળાના પટાંગણ સુધી ખેંચવામાં આવશે.

શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો શ્રીકૃષ્ણ ધૂન, લોકનૃત્ય તેમજ ઢોલ-નગારાના તાલ સાથે 'હરિબોલ'ના જયઘોષ કરી ભક્તિમય માહોલ સર્જશે અને ઉત્સાહપૂર્વક રથયાત્રામાં ભાગ લેશે. તેમજ રથયાત્રા નિમિત્તે સવારે ૧૦:૦૦ વાગ્યાથી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી મંદિરના દ્વાર દર્શનાર્થીઓ માટે ખુલ્લા રાખવામાં આવશે. આ પ્રસંગે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે અને મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. જેમાં આપ સૌને ભાવભર્યું આમંત્રણ છે.

નસવાડીના ઝરખલી ગામે મહિલાએ દિવાસળી ચાંપી અગ્નિસ્નાન કર્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના ઝરખલી ગામના માળી ફળિયામાં રહેતી ૩૨ વર્ષીય વર્ષાબેન ભીલ નામની પરિણીતાએ ગતરોજ પોતાના ઘરે અગમ્ય કારણોસર જાતે જ શરીર પર દિવાસળી ચાંપી સળગી ઉઠતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ઝરખલી ગામે રહેતા વર્ષાબેન ભીલે કોઈ કારણસર પોતાના ઘરે જ જાતે જ પેટ્રોલ કે અન્ય જ્વલનશીલ પદાર્થ છાંટી સળગી